જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૩૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૯ બીયરટીન, ૦૨ રીક્ષા અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૧૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૫/૨૦૨૬**

ક્રાઈમબ્રાંચઃ રમેશભાઈ હરચંદભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે.સહજ રેસીડેન્સી, કર્ણાવતી મેગા મોલ સામે, વસ્ત્રાલ) એ તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ક્રાઈમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રિલ/૨૦૨૫ થી ઓકટોબર/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રખીયાલ નાગરવેલ હનુમાન મંદિરની બાજુમાં કેશવ એસ્ટેટની સામે લાલા ભોરેલાલની ચાલી ખાતે આવેલ રમેશભાઈ પટેલની ઓફીસ તથા સાહેદોના ધંધાના સ્થળેથી આરોપી (૧) હાર્દિક બાબુભાઈ પટેલ (૨) ગીતાબેન વા/ઓ હાર્દિકભાઈ પટેલ (બંને રહે.નીલકંઠ અમૃત વસ્ત્રાલ અર્પણ સ્કુલની બાજુમાં વસ્ત્રાલ) એ ભેગામળી રમેશભાઈ પટેલની "એશીયન પાઈપ ફિટીંગ એન્ડ સ્ટ્રકચર" નામની ફર્મમાંથી મેટલ પ્લેટનો માલ કિંમત રૂપિયા ૩,૭૦,૨૯,૮૨૧/– અલગ–અલગ ઈનવોઈસથી પોતાની "પી.એચ.ફેબ્રીકેશન એન્ડ એન્જીનીયરીંગ" કંપનીના નામથી ખરીદ કરી તે માલનુ વેચાણ કરી દઈ, માલ પેટે રમેશભાઈને રૂપિયા ૮,૯૬,૬૨૬/– ચુકવી આપી બાકી રહેતા માલના લેણા રૂપિયા ૩,૬૧,૩૩,૧૯૫/– આજદિન સુધી નહી ચુકવી તેમજ સાહેદ જયેશભાઈ ઉમેદભાઈ પટેલ નાઓ પાસેથી સ્ટીલ પ્લેટનો માલ કિંમત રૂપિયા ૧,૩૫,૦૦,૦૦૦/– નો ખરીદ કરી તે પેટે રૂપિયા ૬૮,૦૦,૦૦૦/– ચુકવી બાકી રહેતા માલના લેણા રૂપિયા ૬૭,૬૫,૪૭૦/– નહી ચુકવી તેમજ સાહેદ જીગ્નેશકુમાર રમેશભાઈ પટેલ પાસેથી સ્ટીલ પ્લેટનો માલ કિંમત રૂપિયા ૩૧,૯૩,૪૧૬/– ખરીદ કરી તે પેટે રૂપિયા નહી ચુકવી, તમામ બાકી લેણા કુલ રૂપિયા ૪,૬૦,૯૨,૦૮૧/– નહિ ચુકવી પોતાનું મકાન બંધ કરી નાસી જઈ રમેશભાઈ પટેલ તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એમ.દેસાઈ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ સંકેતભાઈ સ/ઓ માનસિંગભાઈ નકુમ (ઉ.વ.૨૭)(રહે. યશપ્રભા એપાર્ટમેન્ટ, જનતા આઈસક્રીમની બાજુમા મેમનગર) એ તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યા થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર "સુહાગન કોમ્પ્લેક્ષ" પ્રથમ માળ, ઓફીસ નંબર–યુ/જી/૦૬ "એસ.એસ.સેલ્ફ ડ્રાઈવ" નામની સંકેતભાઈની ઓફીસ ખાતેથી આરોપી સાહીલ દીનેશભાઈ મિયાત્રા (રહે.રૂક્ષ્મણી કોમ્પલેક્ષ કઠવાડા રોડ નીકોલ) એ બાર કલાકના ભાડેથી કરાર કરી એડવાન્સ રૂપિયા ૭,૦૦૦/– ચુકવી, તેનુ આધાર કાર્ડ જમા કરાવી સંકેતભાઈ પાસેથી મહીન્દ્રા કંપનીની થાર ગાડી નંબર જીજે.૩૩.એફ.૬૫૯૬ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– લઈ જઈ આજદીન સુધી થાર ગાડી પરત નહી કરી તેમજ રૂપિયા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહિત ચલાવે છે.

શહેરકોટડાઃ વિપુલભાઇ સ/ઓ નગીનભાઈ પટણી(કપટીયાવાળા) (ઉ.વ.૩૬)(રહે.ભાવસારની ચાલી, સરસપુર શાક માર્કેટ સામે, સરસપુર) એ તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના મોબાઇલ ફોન ઉપર અજાણ્યા મોબાઈલ નંબર ૬૦૦૨૯૦૩૯૬૫ થી ફોન આવેલ અને "પુનાવાલા ફાઇનાન્સમાંથી બોલુ છુ" તેમ કહી વિપુલભાઇની લોનના હપ્તાની રકમ ઓછી કરવા સારૂ, વોટસએપ ઉપર "પુનાવાલા ફાઈનાન્સ" નામની apk. ફાઈલ મોકલી, ડાઉનલોડ કરાવી વિપુલભાઇના બેંક ઓફ બરોડા બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૪,૫૪,૬૦૩/- નુ ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિપુલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.વળવી ચલાવે છે.

બીજા માળેથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૬/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ ન્યુ જજીઝ બંગ્લોઝ રોડ, સાયોના પુષ્પદીપ બીલ્ડીંગ સામે આવેલ "સાયોના આઇકોન" નામની નવી બનતી બીલ્ડીંગ સાઈટ ખાતે કામ કરતા શંભુલાલ વિમલભાઇ ડામોર (ઉ.વ.૧૬)(મુળ વતનઃ- ગામ.બોરડા, તા.ગનોડા, જી.બાંસવાડા, રાજસ્થાન) તા.૩૧/૦૧/૨૦૨૬ સાંજના ૪/૧૦ વાગ્યાના સુમારે સાઈટના બીજા માળે રૂમની બારીમાંથી સજ્જા ઉપર જઈ કોર કટીંગનુ કામ કરતા હતા ત્યારે અચાનક શંભુલાલ બેલેન્સ ગુમાવતા બીજા માળેથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રીએ શંભુલાલને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૫૭/૨૦૨૬**

રાણીપઃ રાણીપ ગાંધીઆશ્રમ શૈક્ષણિક સંકુલ નવી બનતી સાઈટ ઉપર આવેલ પતરાની ઓરડીમાં રહેતા અને ત્યાંજ કામ કરતા રીતાબહેન ભગવાનદાસ નિસાદ (ઉ.વ.૨૬)(મુળ વતનઃ- ગામ-બેડરા, તાલુકો-દુધાવા, જીલ્લો-સંતકબીરનગર ઉત્તરપ્રદેશ)એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૬ બપોર ૪/૪૫ વાગ્યા પહેલા સાઇટ ઉપર મજૂરોને રહેવા માટે બનાવવામાં આવેલ પતરાની ઓરડીમાં એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.અસારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી